# લદ્દાખથી લેટિન અમેરિકાઃ જેન ઝી તોફાને

**2025માં નેપાળ, મેડાગાસ્કર, ઇન્ડોનેશિયા, મોરોક્કો, બલ્ગેરિયા, ફિલિપાઇન્સ, પેરુ, મેક્સિકો, કેન્યા અને પેરાગ્વેમાં જનરેશન ઝીની આગેવાની હેઠળના વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યા હતા. ભ્રષ્ટાચાર, નબળા શાસન અને આર્થિક સંકટથી પ્રેરિત, યુવા સંચાલિત ચળવળોએ રાજકારણને નવું સ્વરૂપ આપ્યું અને વૈશ્વિક સ્તરે સત્તાને પડકાર આપ્યો.....**




## નેપાળમાં સોશિયલ મીડિયા બેનથી યુવાનો વિફર્યા, પ્રચંડ વિરોધ

8 અને 9 સપ્ટેમ્બર નેપાળના રાજકીય ઇતિહાસમાં બે મુખ્ય દિવસો હતા, જેમાં સોશિયલ મીડિયા પ્રતિબંધો અને ભ્રષ્ટાચાર સામે નવયુવાનો એટલે કે જેન ઝી-જનરેશન ઝીની આગેવાની હેઠળ ચળવળ જોવા મળી હતી, કાઠમંડુના રસ્તાઓ પર સ્વયંભૂ વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યા પછી સરકારને ઉથલાવી દેવામાં આવી હતી. વિરોધ વધુ તીવ્ર બનતા વડા પ્રધાન ખડગ પ્રસાદ ઓલીએ 9 સપ્ટેમ્બરના રોજ રાજીનામું આપ્યું હતું. રાષ્ટ્રપતિએ રાજીનામું સ્વીકારી લીધું અને સંસદ પણ ભંગ કરી દીધી. સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશ સુશીલા એસ. કાર્કીએ 12 સપ્ટેમ્બરના રોજ નેપાળના વચગાળાના વડાપ્રધાન તરીકે શપથ લીધા હતા. યુવાનોએ નેતાઓને દોડાવી દોડાવી માર્યા.

## બલ્ગેરિયા



બલ્ગેરિયાના બલ્ગેરિયનોએ નવેમ્બર-ડિસેમ્બરમાં સોફિયા અને અન્ય શહેરોમાં ભ્રષ્ટાચાર અને સરકારના 2026ના ડ્રાફ્ટ બજેટ સામે ભારે વિરોધ પ્રદર્શન શરૂ કર્યું હતું. પ્રદર્શનકારીઓએ દલીલ કરી હતી કે બજેટ પ્રણાલીગત ભ્રષ્ટાચારને છુપાવે છે અને સામાન્ય નાગરિકોને બદલે રાજકીય ઉચ્ચ વર્ગને ફાયદો પહોંચાડે છે. તે 1 જાન્યુઆરીના રોજ યુરોને અપનાવવાના સરકારના નિર્ણયથી પણ શરૂ થયું હતું.

## મડગાસ્કર



આફ્રિકાના દક્ષિણપૂર્વીય દરિયાકાંઠે આવેલા ટાપુ રાષ્ટ્ર મડગાસ્કરમાં ઓક્ટોબરમાં પાણી અને વીજળીની તીવ્ર અછતને કારણે જનરેશન ઝીના વિરોધ પ્રદર્શનો થયા. જો કે, ભ્રષ્ટાચાર, નબળા શાસન અને મૂળભૂત જાહેર સેવાઓની લાંબી નિષ્ફળતાની આસપાસની વ્યાપક હતાશાઓને લીધે એ ચળવળ ઝડપથી વિસ્તરી.

## પરાગ્વે



ભ્રષ્ટાચાર, ભત્રીજાવાદ, નાર્કો-રાજનીતિ અને રાષ્ટ્રપતિ સેન્ટિયાગો પેનાની સરકાર દ્વારા આરોગ્ય, સુરક્ષા અને ન્યાય જેવી મૂળભૂત સેવાઓ પૂરી પાડવામાં નિષ્ફળતા સામે વ્યાપક રોષને કારણે પેરાગ્વેના વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યા હતા. આ પ્રદર્શનો-મોટાભાગે યુવાનો દ્વારા ચલાવવામાં આવ્યા હતા પરંતુ તમામ પેઢીઓ જોડાઈ હતી.

## કેન્યા



કેન્યામાં 2024માં કેન્યાના જનરેશન ઝીની આગેવાની હેઠળના વિરોધ પ્રદર્શનો સૂચિત ફાઇનાન્સ બિલ 2024 અને અગાઉના કરવેરાના વધારા સામે ફાટી નીકળ્યા હતા, જુલાઈ 2025માં પોલીસની નિર્દયતા, અપહરણ અને કસ્ટડીમાં મૃત્યુ સામે વિરોધ ફરી વધ્યો હતો.



## ફિલિપાઇન્સ

ફિલિપાઇન્સમાં હજારો લોકોએ પૂર-નિયંત્રણના મોટા ભ્રષ્ટાચારના કૌભાંડ સાથે સંકળાયેલા સાંસદો અને અધિકારીઓ સામે ઝડપી કાર્યવાહીની માંગ સાથે સમગ્ર ફિલિપાઇન્સમાં વિરોધ પ્રદર્શન કર્યું હતું. ગુસ્સે ભરાયેલા પ્રદર્શનકારીઓએ રાષ્ટ્રપતિ માર્કોસ જુનિયરને ચેતવણી આપી હતી કે લોકોના વધતા ગુસ્સાને કારણે ચર્ચના જૂથો, કાર્યકરો અને નાગરિકોએ રાજીનામું આપવાની અને ધરપકડ કરવાની હાકલ કરી હતી.



## મોરોક્કો

કથિત સરકારી ભ્રષ્ટાચાર અને જાહેર ખર્ચના નિર્ણયો સામે મોરોક્કોમાં હિંસક વિરોધ ફાટી નીકળ્યો. આરોગ્ય સંભાળ અને શિક્ષણ જેવી આવશ્યક જાહેર સેવાઓ માટે નાણાં નથી ને 2030 ફિફા (FIFA) વિશ્વ કપ માટેની તૈયારીઓની સરકારની પ્રાથમિકતા અંગે વ્યાપક હતાશાથી આ પ્રદર્શનો ફાટી નીકળ્યા હતા. સ્કૂલ-હોસ્પિટલ બનાવવા નાણાં નથી ત્યારે સ્ટેડિયમ બનાવની શી જરૂર એમ કહી આ પ્રચંડ વિરોધ આંદોલનનું આયોજન જેનઝેડ 212 નામના ઓનલાઇન જૂથ દ્વારા કરવામાં આવ્યું હતું.



## પેરુ

સપ્ટેમ્બરમાં પેરુમાં રાજકીય અસ્થિરતા, વધતા ગુના, આર્થિક મુશ્કેલીઓને કારણે રાષ્ટ્રપતિ દિના બોલુઆર્ટેની સરકાર સામે વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યા હતા.

## લદ્દાખમાં આક્રોશ અને વાંગચુકની ધરપકડ

24 સપ્ટેમ્બર

જમ્મુ અને કાશ્મીરમાંથી 2019માં અલગ કરાયેલા કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખમાં હિંસા ફાટી નીકળી હતી. સંપૂર્ણ રાજ્યના દરજ્જાની માંગ સાથે વિરોધ પ્રદર્શન થઈ રહ્યું હતું ત્યારે હિંસા ફાટી નીકળી હતી. લેહમાં 36 વર્ષ પછી આવી હિંસા ફાટી નીકળી હતી. લદ્દાખને પૂર્ણ રાજ્યનો દરજ્જો આપવાની માંગ સાથે લેહમાં અનેક વિરોધ પ્રદર્શનો થયા હતા. એક્ટિવિસ્ટ સોનમ વાંગચુકે પણ આ જ માંગણીઓને લઈને ઘણી વખત ભૂખ હડતાળ કરી હતી.સોનમ વાંગચુકની 26 સપ્ટેમ્બરના રોજ રાષ્ટ્રીય સુરક્ષા અધિનિયમ (એનએસએ) હેઠળ અટકાયત કરવામાં આવી હતી. સોનમ વાંગચુક પર આ હિંસા ભડકાવવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. હાલમાં તે જોધપુર સેન્ટ્રલ જેલમાં કેદ છે.

